ખરાબ પુસ્તક વાંચવા એ ઝેર પીવા બરાબર છે
- ટોલ્સટોય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૬૦ | ૧૦ મે ૨૦૧૨, ગુરૂવાર, વૈશાખ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# કર્મચારી આંદોલનનું રણશિંગુ

## સ્વાતંત્ર દિને કર્મચારીઓ મહારેલી અને સમાંતર ધ્વજવંદનનો કાર્યક્રમ યોજશે : ધરણાં દરમિયાન કર્મચારીઓનો સર્વાનુમતે ઠરાવ : પ્રશ્નોના ઉકેલ માટે ૩૧ જુલાઈએ માસ સીએલ

ગાંધીનગર, તા.૯

પડતર પ્રશ્નોના નિરાકરણ માટે આજે ઘ-૩ ખાતે ઉપવાસી છાવણીમાં કર્મચારીઓએ ધરણા કર્યા હતા. આ દરમિયાન કર્મચારીઓએ આગામી તા. ૩૧ જુલાઈના રોજ માસ સી.એલ. પર જવા ઉપરાંત ૧૫ ઓગષ્ટના રોજ મહારેલી અને સમાંતર ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવા સહિત અન્ય જલદ રાહ અપનાવવાની ચિમકી ઉચ્ચારી હતી.

કર્મચારીઓના વણઉકેલાયા પડતર પ્રશ્નોના ઉકેલ માટે ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિના નેજા હેઠળ આજે ઘ-૩ ખાતે ધરણાંનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી હજારો કર્મચારીઓ જોડાયા હતા. આ તબક્કે સંકલન સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલ તેમજ અબ્દુલભાઈ ચૌહાણ ઉપરાંત સચિવાલય ફેડરેશનના મહામંત્રી યોગેન સેવક તેમજ પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ચંદુભાઈ જોષીએ આગામી તા. ૩૧ જુલાઈના રોજ રાજ્યના કર્મચારીઓ માસ સી.એલ. પર જશે તેવી જાહેરાત કરી હતી. વધુમાં રાજ્યના તમામ ઝોનમાં રેલી તેમજ મહાસભા યોજવાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જે અન્વયે આગામી તા. ૧૯ જૂનના રોજ દક્ષિણ ઝોનમાં ભરૂચ ખાતે રેલી તથા મહાસભા, ૨૯ જૂનના રોજ સૌરાષ્ટ્ર ઝોનમાં રાજકોટ ખાતે ૧૦ જુલાઈએ ઉત્તર ગુજરાત ઝોનમાં હિંમતનગર ખાતે ૧૪ જુલાઈએ ભાવનગર ખાતે મહાસભા યોજવાનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત આગામી તા. ૧૫ ઓગષ્ટના રોજ રાજ્યના તમામ કર્મચારીઓની ગાંધીનગરમાં મહારેલી તેમજ સમાંતર ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવા પણ જાહેરાત કરવામાં આવી હતી.

### કર્મચારીઓના પડતર પ્રશ્નો

- કેન્દ્રના ધોરણે છઠ્ઠા પગારપંચ મુજબ બાકી રહેતા વાહન, શિક્ષણ પ્રવાસ ભથ્થા ચુકવવા
- ઉચ્ચતર પગાર ધોરણ ૧૦, ૨૦, ૩૦ કેન્દ્ર સરકારના ધોરણ પગારની મર્યાદા સિવાય
- નિવૃત્ત વયમર્યાદા ૫૮ થી વધારી ૬૦ કરવી
- તબીબી ભથ્થાની બદલે મેડકલેઈમ પોલીસી અને માસિક એક હજાર આપવા






# આજે શહેર માટે અલાયદો મોન્સૂન પ્લાન તૈયાર કરાશે

## મ્યુનિસિપલ કમિશનરશ્રીના અધ્યક્ષપદે સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે ચર્ચાઓ કરી પ્લાન તૈયાર કરવામાં આવશે

ગાંધીનગર, તા.૯

આગામી ચોમાસાની સીઝનને લઈ ગાંધીનગર શહેર માટે અલાયદો પ્રિ. મોન્સુન પ્લાન તૈયાર કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની રચના થતાં આ પ્લાન આજે મ્યુનિ. કમિશનરશ્રીની અધ્યક્ષતામાં મળનાર બેઠકમાં તૈયાર કરવામાં આવશે. બપોરે ૩ વાગે આ અંગે મહાનગરપાલિકામાં એક ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

મળતી વિગતો મુજબ આ બેઠકમાં હાજર રહેવા માટે પાટનગર યોજના, આરોગ્ય, વનવિભાગ, ફાયર બ્રિગેડ, પોલીસ, મામલતદાર, શાસનાધિકારી, સહિતના અધિકારીઓને તેમના વિભાગ દ્વારા કરવામાં આવેલી તૈયારીઓની અદ્યતન માહિતી સાથે હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

મ્યુનિ. કમિશ્નરશ્રી દ્વારા બોલાવવામાં આવેલ આ બેઠકમાં

● અનુસંધાન પાન-૬ પર

# શહેરની સફાઈના મુદ્દે હવે તંત્ર આકરા પાણીએ

## સઘન મોનીટરીંગ અને સુપરવિઝન કરાશે, એજન્સીઓને પણ કરાર મુજબ કામદારોને ફાળવવા અને સક્રિયતા વધારવા તાકીદ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરની સફાઈના મુદ્દે સતત આકરી ટીકાઓનો ભોગ બની રહેલ મનપાના વહીવટી તંત્રએ આજે કરેલી ઉચ્ચ સ્તરીય સમીક્ષામાં સફાઈને અસરકારક બનાવવા તેમજ સઘન મોનીટરીંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં સફાઈની કામગીરીને બે ઝોનમાં વહેંચી દેવાયા બાદ પણ જાહેર માર્ગોની સફાઈ તેમજ સેકટરોના આંતરિક માર્ગોની સફાઈ નહિ થતી હોવાની ફરિયાદો વ્યાપક મળી રહી છે. આજે આ મુદ્દે આ કામગીરી સાથે સંકળાયેલ એજન્સીઓને પણ હાજર રાખી વિસ્તૃત ચર્ચાઓ કરી કડક તાકીદ કરવામાં આવી છે.

ખાનગી એજન્સી દ્વારા પણ તેની સાથે થયેલ કરાર મુજબ સફાઈ કામદારો હાજર નહિ રહેતા હોવાની ચોંકાવનારી હકીકત આ બેઠકમાં ચર્ચાનો મુદ્દો બની ઉભરી હતી. આ એજન્સીઓ દ્વારા મુકાદમ તેમજ સુપરવાઈઝરો પણ પુરતા નહિ મુકવામાં આવતા હોવાનું ધ્યાને આવ્યું છે.

સફાઈના મુદ્દે તંત્ર એ આક્રમક વલણ અપનાવી આજે સાંજ સુધીમાં વિવિધ સેકટરોમાં મુકાયેલ કચરાપેટીઓની સફાઈ થઈ જવી જોઈએ તેવી કડક તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત રાત્રિ સફાઈનો અભિગમ અપનાવવા માટેની વાત પણ માત્ર કાગળ પર રહી ગઈ હોવાનું જણાઈ આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે સફાઈના મુદ્દે મુકાદમ, સુપરવાઈઝર અને સેનેટરી ઈન્સ્પેકટરોને આજે સાંજે એક ખાસ તાલિમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે અને તાલિમ વર્ગમાં ડે. મ્યુનિ. કમિશ્નરશ્રી જાદવ ખાસ ઉપસ્થિત રહેનાર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાને સરકારે હાલ માત્ર સફાઈની કામગીરી અંગેની જવાબદારી સોંપી છે પણ તે મુદ્દે સતત ટીકાઓ થઈ રહી છે એટલું જ નહિ વ્યાપક ફરિયાદો પણ ઉઠી છે એટલે આજે તંત્ર હરકતમાં આવ્યું છે.

સફાઈના મુદ્દે વોર્ડવાર બેઠકો યોજવાની જાહેરાત સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલે કરી હતી પરંતુ એકાદ બે બેઠકો બાદ તેમાં કોઈ વિશેષ પ્રગતિ થઈ નથી.

તાજેતરમાં ભાજપના કાઉન્સીલરોએ આ મુદ્દે કમિશનરને લેખિતમાં રજુઆતો પણ કરી હતી જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર શહેરની સફાઈના મુદ્દે હવે અસરકારક મોનીટરીંગ અને સઘન સુપરવીઝનનો મહત્વનો નિર્ણય સ્ટેન્ડીંગ કમિટીની આગામી બેઠક પૂર્વે જ લેવામાં આવ્યો છે જે પણ નોંધનીય છે. દરેક વખતે સ્ટેન્ડીંગ કમિટીમાં આ મુદ્દે ઉગ્ર ચર્ચાઓ થતી હોય છે.

## સન્માન સમારંભ મોકુફ રાખેલ છે

અમો આથી જાહેર જનતાને જણાવીએ છીએ કે, તા. ૧૦-૫-૨૦૧૨ના રોજ ગુરૂવારના બપોરે ૨-૦૦ થી સાંજે ૮-૦૦ કલાકે દરમિયાન ટાઉન હોલ, સેક્ટર નં. ૧૭, ગાંધીનગર ખાતે લાખીયા એન્ડ બ્રધર્સ પાર્ટી અને સિનિયર વકીલો તથા તેજસ્વી તારલીઓનું સન્માન તથા ભોજન સમારંભનો પ્રોગ્રામ અનિવાર્ય કારણોસર મોકુફ રાખેલ છે. અને નવી તારીખ અને સમય આગામી દિવસોમાં જાહેર કરીશું જેની તમામ જિલ્લાના વકીલ મિત્રોએ ખાસ નોંધ લેવી.

આયોજક
**અજીતસિંહ એ. ગોહિલ**
(પ્રમુખશ્રી ઈન્ડિયન એસો. ઓફ લોયર્સ - ગુજરાત)
(પૂર્વ પ્રમુખ, ગાંધીનગર બાર એસો. - ગાંધીનગર)

## બેસણું



અમારી લાડકવાયી બહેન શ્રીમતી એકતાબા હેતલસિંહ દેવડા નું તા. ૦૮-૦૫-૨૦૧૨ મંગળવારના રોજ દુ:ખદ નિધન થયેલ છે. ઈશ્વરને ગમ્યુ તે ખરૂ

સદ્‌ગતનું બેસણું તા.૧૧-૦૫-૨૦૧૨ને શુક્રવારના રોજ સાંજે ૪.૦૦ થી ૭.૦૦ કલાક સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :- શુભમ સંકુલ, પોલીસ સ્ટેશન સામે, પેથાપુર તા.જી. ગાંધીનગર

લી. સૂર્યસિંહજી લક્ષ્મણસિંહજી ડાભી (એડવોકેટ)
મહામંત્રી ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ
મહામંત્રી ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ
ચંદ્રસિંહજી લક્ષ્મણસિંહજી ડાભી
પૃથ્વીસિંહજી લક્ષ્મણસિંહજી ડાભી

TETના ઉમેદવાર મિત્રો જાગો!
પરીક્ષા જૂન-2012
ફોર્મ ભરવાની તા. 22 થી 31 જૂન 2012
TET
website : www.ojas.guj.nic.in
જાહેરાત મૂકવામાં આવી છે... જાગો !
વર્ગમાં પ્રવેશ મેળવવાની અંતિમ તા.17.05.2012
ન્યૂઝ પેપરમાં તા.22.05.2012ના દિવસે જાહેરાત આવશે
'મેજીસ્ટ્રેટ' ના વર્ગ શરૂ થઈ ગયેલ છે ફક્ત ગાંધીનગર
બેચનો સમય : રાત્રિના 7.15 થી 9.15 (સોમવાર થી શુક્રવાર)
PSI / કોન્સ્ટેબલ / કલાર્ક (બિન સચિવાલય)
પરીક્ષા સંભવિત જુલાઈ - ઓગસ્ટ-2012
GPSC (DY SP/DC/મામલતદાર) (વર્ગ 1/2) 1350+ જગ્યાઓ
જાહેરાત સંભવિત ઓક્ટો.2012
BANK CLERK ટૂંક સમયમાં 20000+ જગ્યાઓ...!!!
TCCI EDUCATION PVT. LTD.
નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા
ગાંધીનગર 9574004321 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A, રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3-00 થી 4-00 સુધી) દર રવિવારે રજા
પાલનપુર 9574004322 એફ-28, પ્રથમ માળ, સરકારી વસાહત સામે, કોલેજ રોડ, તિરૂપતિ પ્લાઝા, પાલનપુર રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00 સુધી) દર શુક્રવાર રજા
પાટણ 9574004323 143 થી 147, પ્રથમ માળ, તિરૂપતિ બજાર, સિદ્ધપુર ચાર રસ્તા, પાટણ. રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) દર શુક્રવાર રજા
મહેસાણા 9574004324 પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ, રૂબરૂ/ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) દર મંગળવારે રજા
વિસનગર 9574004325 14 પ્રથમમાળ, સ્પાન ચંદન મોલ, ડોસાભાઈ બાગની સામે, ICICI બેંકની ઉપર. ● દર સોમવારે રજા
હિંમતનગર 9574004326 બીજો માળ, યામાહા શોરૂમની ઉપર, મોતીપુરા સર્કલ,હિંમતનગર રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) રવિવારે રજા
TCCI 'KNOWLEDGE VALLEY PUBLICATION'
ટૂંક સમયમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતું સાહિત્ય !

કોન્સ્ટેબલ માટે જ ગેરંટેડ બેચ
100% લેખિત ગેરંટીથી કોન્સ્ટેબલમાં પ્રવેશ
વર્ગ ફક્ત પાટણ-ગાંધીનગર
પ્રવેશ બંધ તા. 18.05.2012
કોન્સ્ટેબલ
પાટણ, ગાંધીનગર
કોન્સ્ટેબલ
29.11.2012 થી ગાંધીનગર શાખાનું નવું સરનામું
પ્લોટ 99, ઓફીસ 206, બીજો માળ, શ્રી સ્કવેર, ઘ-રોડના છેડા પર, પેથાપુર ક્રોસ (સર્કલ) રોડ, (મહુડી રોડ), પેથાપુર, ગાંધીનગર.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Hero આપણામાં છે હીરો
REQUIRE
Smart Educated Lady Receptionist
For Hero Moto Corp Ltd Dealership At Gandhinagar.
Experienced Preferred.
Remuneration As Per Experience.
Please Contact K D Singh With Bio-data on Working Days Between 11.30 Am To 6.30 Pm.
NANDA AUTOMOBILES (GUJARAT) P. LTD.
Plot No. 29, G.T.S. Road, Sector - 30, Gandhinagar.
Ph. : 079-23260505 / 23260506 / 23260507
Email : herohonda@nandaautomobiles.com

B.Sc. Degree along with Aircraft Maintenance Engineering
ADMISSION OPEN FOR JULY SESSION
WIIA WESTERN INDIA INSTITUTE OF AERONAUTICS
AME Course approved by Directorate General of Civil Aviation Govt. Of India
(ISO CERTIFIED 9001:2008) A Division of AAA
Launches :
B. SC. IN AIRCRAFT MAINTENANCE ENGINEERING
at
INSTITUTE OF AVIATION TECHNOLOGY & ENGINEERING
(CONSTITUENT INSTITUTE OF INDUS UNIVERSITY)
MECHANICAL STREAM
Heavy Aircraft & Jet Engine | Light Aircraft & Piston Engine
INDUS UNIVERSITY Practice Meets Theory
ELIGIBILITY : 10+2 Pass with Mathematics, Physics and Chemistry
FOR FURTHER INQUIRY PLEASE CONTACT Admission Cell,
E-mail : ame@wiia.org, admission@wiia.org, Website : www.wiia.org
Phone : 02764-260287 M : 99091 54088, 90999 44332
AAA AHMEDABAD AVIATION & AERONAUTICS LTD.
Approved by Directorate General of Civil Aviation Govt. Of India
Launches : B.Sc. In Aviation (With Commercial Pilolt Licence)
M: 99251 90527, 98250 47065
E-mail : admission@aaa.co.in
Website : www.aaa.co.in
at INSTITUTE OF AVIATION TECHNOLOGY & ENGINEERING (CONSTITUENT INSTITUTE OF INDUS UNIVERSITY)
Training facilities at Ahmedabad & Mehsana Airport
Indus Campus, Rancharda Via Thaltej, Ahmedabad - 382115.